**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૧૧/૦૪/૨૦૧૮ બુધવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૬૯૬/૧૮**

**નિકોલ પોલીસ સ્ટેશન :**

નીકોલ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૫૫/૧૮ ઇ.પી.કો. કલમ ૪૦૬,૪૧૯,૪૨૦ તથા આઇ.ટી.એકટ કલમ ૬૫,૬૬(બી)(સી)(ડી),૬૯ મુજબના કામના ફરીયાદી શ્રી ભરતભાઇ ભુરાભાઇ જાતે લુહાર ઉ.વ.૩૮ રહે.મ.નં.બી/૨૦૧,શ્રીધર ફલોરા,અમરજવાન સર્કલ પાસે,નીકોલ, અમદાવાદ શહેર.મુળ વતન ગામઃ-ચનાર તા.આબુ રોડ જી.આબુ રોડ.,રાજસ્થાન નાઓની ફરીયાદના કામે ફરીયાદીની બ્રહમા ઇન્સ્ટ્રીઝ કંપની કે જે કઠવાડા પ્લોટ નં.બી/૧૧/૩,ઝવેરી એસ્ટેટ ખાતે આવેલ છે તે કંપનીની ઓફીસમાંથી ફરીયાદીના કંપનીના ઇમેલ એડ્રેસ brahma0123@yahoo.co.in મારફતે તમારી બેંક ના ઇમેલ એડ્રેસ ahmedsatellite@kvbmail.com ઉપર એક મેઇલ કરી તેમના એસ.ઓ.ડી.ખાતા નંબર ૨૨૦૮૨૮૦૦૦૦૦૦ ૦૩૨૨ માંથી ઓઆર.જી.એન્જી ટેન્ક તથા નટરાજ ઇન્સ્ટ્રીઝ તથા ઓમ એન્જીન્યરીંગ નામની કંપનીઓને NEFT મારફતે અલગ-અલગ રકમો મળી કુલ્લે રૂપિયા ૩૮,૫૦,૦૦૦/- NEFT મારફતે તેઓના ખાતામાં જમા કરવા જણાવેલપરંતુ કોઇવ્યકતિએ ફરીયાદીની કંપનીનુ ઇમેઇલ એડ્રેસ હેક કરી ફરીયાદીએ બેંકને NEFT સબંધે કરેલ ઇમેઇલમાં ભરેલ ફોર્મ સાથે ચેડા કરી ઇમેલમાં તેમના મળતીયાઓ(૧)અંજની એન્ટરપ્રઇઝ,દેહરી,રોહતાસ,બિહાર(૨)લોકનાથ એન્ટરપ્રાઇઝ,તોલીગંજ,કોલકતા(૩) હમલંગ એન્ટરપ્રાઇઝ, ગારેચા, કોલકતા નાઓના અલગ-અલગ બેંકના અલગ-અલગ શાખાઓના અલગ-અલગ ખાતાઓમાં નાણા જમા કરાવી ફરીયાદી સાથે છેતરપીડી વિશ્વાસઘાત કરી ગુનો કરેલ અને સદર ગુનાની તપાસ અમો ચલાવી રહેલ હતા અનેઅધિક પોલીસ કમિશ્નર શ્રી,સેકટર-૨,અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૫,અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,''આઇ'' ડીવીઝન,અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ આ ગુનાની તપાસ ચાલુ રાખીસદર ગુનાની તપાસના કામે પોસ.ઇ.શ્રી એચ.ડી.વાઢેર તથા હે.કો.મોહનભાઇ ધીરાભાઇ તથા પો.કો. ધર્મેન્દ્રસીહ ભુપતસીહ તથા પો.કો.ગોવીંદસીહ વિજયસીહ ની ટીમ બનાવી કલકતા તથા બિહાર રાજયમાં મોકલી આરોપીઓની તપાસ કરાવતા આરોપી અંજની નરવદેશ્વર જાતે પાંડે ઉ.વ.૪૦ હાલ રહે-ચૌધરી ચોક,સ્ટીલ ગેટની સામે,દાલમીયાનગર,જી-રોહતાસ,બીહાર, મુળ વતન ગામ-છુટકીમોર,દાલમીયાનગર જી-રોહતાસ બિહાર રાજય નાનો બિહાર ખાતેથી પકડાઇ ગયેલ છે.આરોપી તથા તેના બીજા સાગરીતો ભેગા મળી ઇમેલ હેક કરી ઇન્ટરનેટ માધ્યમથી છેતરપીડી કરવાની અસામાજીક પ્રવૃતિ કરતા હોય તે દીશામાં ઉડાણ પુર્વક તપાસ કરવા સારૂ પકડાયેલ આરોપીને નામદાર કોર્ટમાં રજુ કરી આરોપીના નામદાર કોર્ટમાંથી દીન૧૦ ના રીમાન્ડ મેળવવામાં આવેલ છેઅને આગળની વધુ તપાસ હાથ ધરવામાંઆવેલ છે.

**<u>શાહીબાગ પોલીસ સ્ટેશન :</u>**

આજરોજ તા.૧૦/૦૪/૨૦૧૮ પાસા અટકાયતી શ્રી હરેશ ઉર્ફે લંગડો રાજુભાઇ દંતાણી ઉવ.૨૪ ધંધો-મજુરીકામ રહે-અમથાજીની ચાલી, ઇન્દીરાનગર, બાલપીર ટેકરો, શાહપુર દરવાજા બહાર, અમદાવાદ શહેર. મુળ રહે.બ્લોક નં.ઇ/૧૦, અડધા ચામુંડા ચોક, ગોતા હાઉસિંગ, અમદાવાદ નાનો મળી આવતાં સદરીને પકડી પાસા વોરંટની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે જિલ્લા જેલ જામનગર ખાતે મોકલી આપવામાં આવેલ છે.

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

"જે" ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, "જે" ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ









નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.